## રાજયમાં ડીપ–સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ

*** 15/4/2019 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | ઉત્તર |
|---|---|
| **૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં ડીપ–સી એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેકટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજુરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ, | **૧)** સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરી તા.૨૬–૧૧–૨૦૧૯ ઠરાવથી નીચેની વિગતે આપવામાં આવેલ છે. |

| ક્રમ | ઔદ્યોગિક એસોસીએશન | કુલ રકમ (રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૭૮.૦૦ |
| ૨ | જેતપુર | ૬૬૯.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૮.૦૦ |
| | કુલ અંદાજીત રકમ | ૨૨૭૫.૦૦ |

- જેતપુર પ્રોજેક્ટ માટે રૂ. ૬૮૮.૯૮ કરોડ ની રીવાઇઝ વહીવટી મંજુરી તા.૩૦/૦૬/૨૦૨૧ તથા રૂ. ૬૬૭ કરોડ ની તાંત્રિક મંજુરી તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.
- ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલની સૈદ્ધાંતિક, વહીવટી મંજુરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦ કરોડની મંજુરી આપવામાં આવેલ.

| પ્રશ્ન | ઉત્તર |
|---|---|
| **૨)** ઉકત પ્રોજેકટ પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | **૨)** રાજ્ય સરકારે ૭૦.૦૦ કરોડ ની ફાળવણી કરેલ છે તથા જી.આઇ.ડી.સી. દ્વારા તેના સ્વભંડોળ સહિત કુલ રૂ.૧૨૩.૮૯ કરોડનો ખર્ચ કરેલ છે. |
| **૩)** ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોપવામાં આવેલ, અને | **૩)** ૧) જેતપુર: જેતપુર ખાતેના પ્રોજેકટની અમલીકરણની કામગીરી મે. મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ (જે.વી) દ્વારા સ્થાપીત સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી) "જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેક્ટ પ્રાઇવેટ લીમીટેડ" ને તા.૨૮/૧૦/૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પુર્ણ કરવાની શરતે જીડબલ્યુઆઇએલ દ્વારા સોંપવામા આવેલ છે. |

૨) સરિગામ: મે. એન્વાયરો ઇન્ફ્રા એન્જીનીયર્સ લીમીટેડને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

૩) વાપી: વાપી ડીપ–સી પ્રોજેકટ માટે મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણુક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ છે. જેની સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૪) સુરત: સુરત ડીપ–સી પ્રોજેકટ માટે મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટંટની નિમણુક તા.૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. ઉકત સ્થિતીએ સદર

| | | | |
|---|---|---|---|
| | | | પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br><br>૫) અંકલેશ્વર– ઝગડીયા: અંકલેશ્વર – ઝગડીયા ડિપ–સી પ્રોજેકટ માટે અલગ અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.<br>i) મે.લાખાની એન્જીનીયરસ & ઓર્ગેનાઇઝેશનને તા.૨૧/૧૧/૨૦૨૩.<br>ii) મે.પી દાસ ને તા.૨૨/૧૧/૨૦૨૩<br>iii) મે. આર બી કન્સટ્રકશન ને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.<br>સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| **૪)** | ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે ? | **૪)** | ૧) જેતપુર: ઉક્ત સ્થિતિએ પ્રોજેક્ટની કામગીરી અંતર્ગત સરકારશ્રીમાંથી મેળવવાની થતી વિવિધ મંજુરીઓ, સી.આર.ઝેડ. કિલયરન્સ તેમજ જમીન સંપાદનની કાર્યવાહી માટે જરૂરી મંજુરીઓ મેળવવા માટે સંલગ્ન વિભાગોમાં અરજી કરેલ છે. જે પ્રગતિ હેઠળ છે.<br><br>૨) સરિગામ: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.<br>૩) વાપી: ઉકત સ્થિતિએ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>૪) સુરત: ઉકત સ્થિતિએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br>૫) અંકલેશ્વર– ઝગડીયા: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે. |

-----------------------------------------------------